


# તંત્રી સ્થાનેથી


ગોપાલ ચાવડા

વરસાદ ૫ દિવસ થી વિરામ લીધો છે તેના કારણે ખેડૂતોને ખૂબ રાહત થઈ છે હવે ખેતીમાં થયેલું નુકસાન પાછું નહિ આવે પણ વધુ થતું નુકસાન અટકી જશે

અમેરિકાએ વિશ્વ નો મોટો ઈસ્લામી આતંકી અલકાયદાનો આકા અલ જવાહિરી ને અફઘાનિસ્તાન માં ડ્રોન હુમલામાં ખતમ કરી દિધો છે મોડું પણ અમેરિકાએ યોગ્ય પગલું લીધું છે ૯/૧૧નો મુખ્ય આરોપી અમેરિકા ના સુરક્ષા વિભાગદ્વારા આકાશમાંથી ૫૦હજાર ફૂટ દૂર થી ડ્રોન દ્વારા તેના ઘરે જ આધુનિક પદ્ધતિ દ્વારા મિશન પાર પાડ્યું હતું એક મોટા આતંકી ખતમ થયો છે દેશ માં ઠેર ઠેર રાજ્યોમાં થઈ રહેલ મુસ્લિમો દ્વારા તોફાનો અને હિંસા ની પાછળ PFI છે તેવા રિપોર્ટ સરકાર અને જાસૂસી અને સુરક્ષા વિભાગ પાસે છે કેરળ સહિત આંદ્રપ્રદેશ , યુ પી, બંગાળ , તમિલનાડુ , કર્ણાટક મા પગ પેસારો વધી ગયો છે ત્યારે સરકાર શા માટે તેની ઉપર પ્રતિબંધ નથી મૂકાતો તે સમજાતું નથી દેશમાં શાંતિ સ્થાપવી હશેતો PFI ઉપર પ્રતિબંધ લગાવવો પડશે



# જ્યોતિષ આચમન

## તમારામાં કઈ કળા છે ?

સંસ્કૃત વાકય છે બહુ રત્ના વસુંધરા _ એટલે કે આપણી પૃથ્વી ઘણા બધા રત્નોથી ભરેલી છે, હીરા ,માણેક,મોતી, પોખરાજ,અકીક, ગોમેદ, પ્રવાલ વિગેરે રત્નો તો છે જ . એક કાવ્ય સુક્તિ છે રાગ, પાથ ને પારખુ નાડી ને વળી ન્યાય, તરવુ તંતરવુ ને તસ્કરવુ એ આઠે આપ કળાય'' એટલેકે આ બધી આઠ કળા એ આપ કળા છે, તે કોઈના શીખવવાથી આવડતી નથી અને જેને આવડે છે તે તેમની આ કળા માં માહેર હોયછે, પણ દરેક માણસ પાસે કોઈને કોઈ તેની આગવી ઓળખ કે કળા કે આવડત હોય જ છે. આજે આપણે જોઈએ ચોર યોગ. જોકે આ યોગ વિષે કોઈ ને કહેવાય પણ નહી અને કોઈ સામે ચાલી કોઈ જયોતિષને પુછે પણ નહી,


દિનેશભાઈ એમ. પાઠક ઉમરાયાવાળા

અમે ભણતા ત્યારે એક કવિતા પણ હતી

જયાં જુઓ ત્યાં દુનિયામાં ચારે બાજુ ચોર, કોઈ ધનનો ચોર કોઈ મનનો ચોર કોઈ ચીતલડાનો ચોર, પરીક્ષા માં ચોરી કરતા વિદ્યાર્થી પણ ચોર, આપણે તો ભગવાન કૃષ્ણ ને પણ ચોર કહી દઈએ છીએ. ઉપરની પતિમાં એક શબ્દ આયો તસ્કરવુ એટલે કે છળ કપટ કે ટેકનીક થી પોતાની આગવી સુઝ બુઝ થી ચોરી કરવી, ચોરી એટલે કે ફક્ત કોઈ ઘરમાં ઘરવખરી ની ચોરી કરી જાય તે તો ઠીક છે પણ આજના સંદર્ભમાં જોઈએ તો કેટલાક લોકો સામાના પૈસા ચાઉ કરી જતા હોય છે,તે પણ એક છળકપટ થી કરેલ ચોરી જ છે. તો આજે જોઈએ ચોર યોગ.

ચોથાનો સ્વામી જઈ ,છઠે વાસ કરંત, નર ચોરી તો કરે,દિલમે નહી ડરંત

અષ્ટમેશ બિજે વશે, તો પણ ચોરીયોગ, મંગળ બુધ છ઼ઠ્ઠે વસે, એ પણ ચોરીયોગ

એક ત્રણ અગીયારમાં, પાપગ્રહ જો હોય, નિચ ગ્રહની દ્દષ્ટિયે, ચોરયોગ તો જોય

ત્રિજે ભાવે શનિ વસે, પાપિ દ્દષ્ટિ થાય, શુભ દ્દષ્ટિ કે સંગબિન, ચોરીયોગ ગણાય

શિન મંગળ ને બુધ તો, ચોથે યા સાતે જાય, પુર્ણ દ્દષ્ટિયે ચંદ્રમા, મોહટો ચોર ગણાય.

ચોથા ભાવનો સ્વામી છઠ્ઠા ભાવમાં હોય તો એ માણસ ચોરી કરનારો થાયછે. આઠમા ભાવનો સ્વામી બીજા ભાવમાં હોય તો તે માણસ ચોરી કરનારો થાય છે. મંગળ અને બુધ છઠ્ઠા ભાવમાં હોય તો તે માણસ ચોરી કરનારો થાયછે. પહેલા,ત્રીજા અને અગીયારમા ભાવમાં પાપ ગ્રહો હોય અને પાપી ગ્રહોની દ્દષ્ટિ હોય તો તે માણસ ચોરી કરનારો થાયછે., ત્રીજા ભાવમાં શનિ હોય અને પાપ ગ્રહોની દ્દષ્ટિ હોય અને શુભ ગ્રહો સાથે ન હોય ને શુભ ગ્રહોની દ્દષ્ટિ ન હોય તો તે માણસ ચોરી કરનારો થાય છે, શિન મંગળને બુધ ચોથા અથવા સાતમા ભાવમાં હોય ને તેઓને ચંદ્રમા સંપુર્ણ જોતો હોય તો એ માણસ મોટો ચોર થાયછે.

આઠ કળામાં એક ની વાત કરી બીજી કઈ આપ કળા ?

વધુ આવતા અંકે ( ક્રમશઃ ) .

વોટસએપ નં. ૭૬૯૮૭૨૦૯૩૭ પર મોકલો, આપણા પ્રતિભાવ વોટસએપ નં. ૭૬૯૮૭૨૦૯૩૭ પર મોકલો.

## 28 ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભુજમાં સ્મૃતિવનનું લોકાર્પણ કરશે

---ભૂકંપ બાદના વિકાસ અને કચ્છની ખુમારીને સમર્પિત વિશેષ મ્યૂઝિયમ લોકો વચ્ચે આકર્ષણનું કેન્દ્ર બનશે:રિયલટાઈમ ભૂકંપનો અનુભવ કરાવવા માટે મ્યૂઝિયમમાં ખાસ થિયેટરનું નિર્માણ કરાયું:આધુનિક ટેક્નોલોજી અને વર્ચ્યુઅલ રિયાલીટીની મદદથી મુલાકાતીઓને ઉમદા અનુભવ મળશે ગાંધીનગર:28 ઓગસ્ટ 2022ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કચ્છના ભુજમાં સ્મૃતિવનનું લોકાર્પણ કરવાના છે. 26 જાન્યુઆરી 2001ના આવેલા ગોઝારા ભૂકંપે કચ્છને ઘમરોળી નાખ્યું હતું અને તેમાં ભોગ બનેલા નાગરિકોની યાદમાં આ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા સમરસ કાવડ યાત્રા ગુજરાતમાં 182 વિધાનસભા વિસ્તારોમાં જળાભિષેક ના કાર્યક્રમો ય સમરસ કાવડયાત્રા''

# હરિદ્વારમાં ગુજરાતમાંથી મોટી સંખ્યામાં સંતો અને હિન્દુ ધર્મ સેનાના કાર્યકર્તાઓ ગંગા જલ લેવા પહોંચ્યા









સમરસ કાવડયાત્રા''

અખિલભારતીય સંતસમિતિ ગુજરાત દ્વારા ગુજરાત ની ૧૮૨,વિધાનસભા ક્ષેત્રમાં આવેલા ૨૦૨ પૌરાણિક મહાદેવજી ના મંદિરોમાં શ્રાવણમાસ ના અંતિમ દિવસે અખિલભારતીય સંતસમિતિ ના સંતો તથા હિન્દુસેનાના કાર્યકર્તાઓ દ્વારા ગંગાજી ના જળાભિષેક ઉત્સવ કરીને પૂજા સંપન્ન કરવામાં આવસે.

અખિલભારતીય સંતસમિતિ ના ગુજરાત પ્રાંત અધ્યક્ષ પ.પૂ.નૌતમસ્વામીજી વડતાલ તથા ગુજરાત તમામ વડીલ સંતો ની હિન્દુસમાજ મા તમામ નાત જાત વર્ગ ઊંચ નિચ ના ભાવ થી ઉપર ઉઠીને માત્ર ને માત્ર હિન્દુસમાજ ની એકતા માટે,જાગૃતિ માટે,હિન્દુધર્મ ના ગૌરવ માટે ઐતિહાસિક સમરસ કાવડયાત્રા નું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું તે નિમિત્તે ધર્મતીર્થ ભૂમિ હરિદ્વાર મા ભવ્ય વિશાળ કાવડયાત્રા તથા ગંગા પૂજન આરતી નો કાવડયાત્રીકો લાભ લઈને ધન્ય અને કૃત કૃતાર્થ થયા હતા હરિદ્વાર અને ગંગાજી હરિકીપૌડી જયશ્રીરામ,હરહરમહાદેવ અને ગંગામૈયા ના જયકારા થી ગૂંજી ઉઠયા હતા.

આ પ્રસંગે અખિલભારતીય સંતસમિતિ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ અને પંચમહાલના વરિષ્ઠ સંતશ્રી પ.પૂ.રામશરણદાસજી મહરાજ વૈષ્ણવ સમ્રાટ પૂ મોહનદાસજી મહારાજ જુનાગઢ ના પૂ મહાદેવગિરીજી મહારાજ પૂ કિશનદાસજી મહરાજ અમરેલી થી પૂ રામમનોહરદાસજી મહારાજ પ્રભુદાસ મહરાજ ભાવનગર થી પૂ રમજુ બાપુ પૂ રામચંદ્રજી મહરાજ અમદાવાદ થી પૂ ચૈતન્ય શંભુ મહારાજ પૂ યોગેશદાસજી મહરાજ સાણંદ થી પૂ બાળનાથજી મહરાજ મહેસાણા થી પૂ ગોપાલદાસજી મહરાજ પૂ અમરભારતીજી બાપુ બનાસકાંઠાથી પૂ જગદીશપુરી બાપુ ચનવાડાથી પૂ માનસરોવરદાસજી મહરાજ હાલોલથી અધ્યક્ષ પંચમહાલ પ.પૂ.સંતપ્રસાદ સ્વામીજી નાહીયેર થી પૂ ડીકે સ્વામી તથા હિન્દુ ધર્મ સેના ના પૂ માધવ સ્વામી પૂ શ્યામસુંદર સ્વામી પંચમહાલ ના સંયોજકશ્રી.પ.પૂ.વિક્રમદાસજી મહારાજ તથા અન્ય પૂજય સંતો તથા સંયોજક અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ વિમલભાઈ ઉપાધ્યાય હિન્દુધર્મસેના ના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો

## આઝાદી અમૃત મહોત્સવ વિશેષ (ભાગ-1)


# ૭૫ વર્ષ પહેલાંનું એ વિભાજન ધર્મ આધારિત હતું...એ ન ભૂલશો

**૧૯૪૭માં ભારતનાં વિભાજનને બદમાશ સેક્યુલરવાદીઓ અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરો ની નીતિ ઉપર ઢોળી દે છે, પરંતુ આ સત્ય નથી. સેક્યુલર અપરાધીઓ જે રીતે ત્રાસવાદને છાવરે છે એ જ રીતે વિભાજનને છાવરે છે**

૭૫ વર્ષ વીતી ગયાં છે. હવે કશું જ પહેલાં જેવું થવાનું નથી, કમ સે કમ હજુ થોડી સદી સુધી તો નહીં જ. છતાં એ દિવસો ભૂલવા ન જોઈએ, બલ્કે સાચી વિગતો દરેક ભારતવાસીએ જાણવી જોઈએ. આ જ ઉદ્દેશથી નરેન્દ્રભાઈ મોદીએ ૧૪ ઓગસ્ટને વિભાજન વિભીષિકા દિવસ જાહેર કર્યો. આજે, ૧૪ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પ્રથમ વિભાજન વિભીપિકા દિવસ છે.

નરેન્દ્ર મોદીનો ઉદ્દેશ કોઈ વનસ્ય ફેલાવવાનો નથી જ. તે એક રાજપુરુષ છે પણ સાથે પોતાના મૂળ સંસ્કાર સાથે મજબૂત રીતે જોડાયેલા છે. તેઓ માત્ર એટલું જ ઈચ્છે છે કે વિભાજનનાં દિવસોમાં જે કંઈ થયું તેની સાચી જાણકારી, સાચી વિગતો હિન્દુઓ અને મુસ્લિમો બધા જ જાશે. અત્યાર સુધી સેક્યુલર અપરાધીઓએ આ દેશ સાથે અને એ રીતે સમગ્ર દુનિયા સાથે બહુ મોટું છળ કર્યું છે. ભારતના ભાગલા ધાર્મિક આધાર ઉપર જ હતા તેમ છતાં સેક્યુલર અપરાધીઓ હજુ આજે પણ એવી વાર્તાઓ કરી રહયા છે કે, એ બધું અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરો- ની નીતિને કારણે થયું હતું.

સેક્યુલર અપરાધીઓનું આ સૌથી મોટું જૂઠાણું છે અને આજે, બલ્કે આજથી દરેક રાષ્ટ્રવાદી ભારતીય નાગરિકે એક વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે વિભાજન ધર્મ આધારિત હતું, અને જો હજુ સાવધાન નહીં રહો તો ભવિષ્યમાં એવી સ્થિતિ આવી જ શકે છે. કાશ્મીર ફાઈલ્સ એનું ઉદાહરણ છે. સાચું જાણશો તો બચી શકશો. તો આજથી જ એ સત્ય જાણવાની શરૂઆત કરો. આપણા એક સુપ્રસિદ્ધ લેખક કિશોર મકવાણાએ ભારતના ભાગલાની ભીતરમાં પુસ્તકમાં અનેક ઐતિહાસિક સંદર્ભો સાથે સાબિત કર્યું છે કે, ૧૯૪૭નાં ભાગલા ધર્મ આધારિત જ હતા. અહીં પ્રસ્તુત છે તેમના પુસ્તકની પ્રસ્તાવનાના અંશો...


કિશોર મકવાણાની કલમે

ભારત આઠસો વર્ષ વિદેશી આક્રમકોના પગતળે કચડાતું રહયું. પહેલા વિદેશી ઈસ્લામી આક્રમકો અને એ પછી અંગ્રેજ આક્રમકોએ એને રગદોળ્યું. આઠસો વર્ષ સુધી ભારતના પરાક્રમી વીરો ભારતભૂમિને વિદેશીઓની નાગચૂડમાંથી મુક્ત કરવા ઝઝુમતા રહ્યા. આપણાં દેશનું કોઈપણ સ્થળ એવું નહીં હોય જ્યાં ભારતમાતાના કોઈ સપૂતોએ યોગદાન આપ્યું ના હોય, બલિદાન આપ્યું ન હોય.

એ કેવળ સ્વતંત્રતા આંદોલન જ નહોતું, સાંસ્કૃતિક રાષ્ટ્રીયતાનું જાગરણ પણ હતું. પહેલું આક્રમા મોહંમદ બિન કાસિમે ભારતભૂમિના ગાંધાર પર સાતમી સદીમાં કર્યું. એ પછી તો સતત ઈસ્લામી આક્રમકોના ધાડેધાડાં આ દેશ પર આક્રમણ માટે આવતા રહયા. સત્તરમી સદીમાં અંગ્રેજ આક્રમકો નવા સ્વરુપે આવ્યા. આ દેશ હિન્દુનો છે એટલે એ પોતાની પ્રિય માતૃભૂમિને વિદેશી આક્રમકોની નાગચૂડમાંથી મુક્ત કરવા સાતમી સદીથી લઈ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી લડતો રહયો, સંઘર્ષ કરતો રહયો.

પ્રત્યેક સંગ્રામ અને સંઘર્ષો જુઠ્ઠાણા સામે સત્યની પ્રબળ ઘોષણા હતા, જે ભારતની સ્વતંત્રતાનાં જુસ્સાની સાક્ષી પૂરે છે. આ સંઘર્ષોએ એવી જ જાગૃતિ અને જુસ્સો લાવી દીધો હતો, જે શ્રી રામે રાવણ સાથેના યુદ્ધમાં, શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રમાં અને હલ્દીઘાટીના યુદ્ધમાં વીર મહારાણા પ્રતાપની ત્રાડથી ઉદભવ્યો હતો.

અંતે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારત એક હજાર વર્ષ પછી ગુલામીમાંથી મુક્ત થયું. પરંતુ સ્વતંત્રતાની સાથેસાથે ભારતની જ ધરતી પર પાકિસ્તાન નામના દેશનું સર્જન થયું, ભારતના ભાગલા કેવી રીતે થયા? ભાગલા માટે કોંગ્ર જવાબદાર કોણે કોણે ખલનાયકની ભૂમિકા ભજવી? આવા અનેક સવાલો આજે પણ જનમાનસમાં ઊઠ્યા કરે છે અને સ્વતંત્રતાની મ ભારત ૭ ૫ મે ૧ વર્ષગાંઠે ફરી શ પટેલ અ। સવાલાં ન પણ ચર્ચા તો થવાની જ છે.

ભારતવર્ષ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહયો છે, ત્યારે દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૧૪૧ ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવાની એક અત્યંત મહત્ત્વની જાહેરાત કરી છે. એ સંદર્ભે ગેઝેટ પણ પ્રસિદ્ધ કર્યું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું,

**વધુ આવતા અંકે**

## ગુજરાતમાં 1986-87થી શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ આંદોલનમાં હિન્દુ જાગરણનું અમૂલ્ય યોગદાન

ભાગ - 2


પૂ. નૌતમ સ્વામીજી
અધ્યક્ષ,
અ.ભા. સંત સમિતિ, ગુજરાત

હિન્દુઓ, 8 કરોડ મુસલમાન હતા.

- મુસલમાનોએ મોહંમદ અલી જિન્હાના નેતૃત્વમાં પાકિસ્તાન બનાવી લીધું. 4 કરોડ મુસલમાન પાકિસ્તાનમાં ગયા. 3 કરોડ સ્વતંત્ર ભારતમાં રોકાઈ ગયા. આજે વસ્તીનું અસંતુલન હિન્દુસ્તાન માટે બહુ મોટી સમસ્યા બની રહી છે. ઘુસણખોર મુસલમાન, રોહિંગ્યા મુસલમાન સરકારનો માથાનો દુઃખાવો છે.

હિન્દુ સમાજની વધતી વસ્તી કરતાં મુસલમાનોની વસ્તી 10 ટકા વધી રહી છે. લઘુમતીના નામે અધિકારો મેળવીને દેશમાં એ આઝાદી ભોગવી રહ્યા છે.

મુસલમાન જાગૃત છે એના ધર્મ માટે, જેહાદ માટે...

હિન્દુઓએ હમે ગર્વ હૈ હમ હિન્દુ હૈ, નો નાદ કરવાની તાતી જરુરિયાત છે.

હિન્દુ હશે એ જ ભારત માતા કી જય બોલશે. હિન્દુમાંથી કોઈ મુસ્લિમ કે ખ્રિસ્તી બને એટલે એ ભારત માતા કી જય નથી બોલતો, વંદે માતરમ્ નથી બોલતો. સાવધાન હિન્દુઓ...

એક થાવ.. અખંડ ભારતના નિર્માણ કાજે. હિન્દુ શક્તિના આધારે જ દેશ અખંડ બનશે. હિન્દુ સમાજ આ દેશનો રાષ્ટ્રીય સમાજ છે. અખંડ ભારત બનશે જ.

જો શ્રી રામ જન્મભૂમિ મંદિર બાબતે 1528માં તોડ્યું. બાબતી મસ્જિદ બનાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. હિન્દુ રાજાઓએ સંઘર્ષ કર્યો. સ્વતંત્ર ભારતમાં પણ શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે આંદોલન ચાલ્યું. 2 લાખ લોકોએ બલિદાન આપ્યાનો ઈતિહાસ છે. ત્યારે વર્તમાન ભારતના પ્રધાનમંત્રી મા. નરેન્દ્રભાઈ મોદીના વરદ્દહસ્તે શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણનો શિલાન્યાસ થઈ ગયો. આજે ભવ્ય રામ મંદિર બની રહ્યું છે. હિન્દુઓનો વિજય છે.

કાશ્મીની 370મી કલમ રદ થશે. એવી કલ્પના આશા હિન્દુ સમાજને ના હતી. એ સાકાર

- દુનિયામાં વિયેટનામ અને જર્મની એક થયા.


- 1800 વર્ષના સંઘર્ષ પછી ઈઝરાઈલ દેશ અસ્તિત્વમાં આવ્યો.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્થાપક ડો. હેડગેવારજીએ કહ્યું હતું કે, ભારત તો આઝાદ થશે. પણ આઝાદી ટકાવવા માટે હિન્દુ સમાજ શક્તિશાળી, સંગઠિત જોઈશે. રાષ્ટ્રીય હિન્દુ સમાજ એ દેશની કરોડરજ્જુ છે.

એ માટે હિન્દુ ધર્મ સેવા એસંઘ પરિવારના સંગઠનોથી પ્રેરણા લઈને ભારતને અખંડ ભારત બનાવવા, હિન્દુ સમાજને સંગઠિત કરો, જાગૃત થાવ એ જ આજનો યુગધર્મ.

**સંપૂર્ણ**

# નહીં ખાંભી નહીં પાળિયો



(ગતાંકથી આગળ)

'બચાવો..બચાવો...'ની બૂમરાણ સાથે ઓરડામાં ધૂમાડો અને આગની લપટો પ્રસરી ગઈ... ગીતા, આશા અને વીણા બહાર દોડી ગયાં...... 'પાણી પાણી... લાવો. સ્ટવ ફાટ્યો છે. આગ લાગી છે. આગ... આગ... બચાવો ! સૌ આગ ઓલવવામાં પડ્યા. એટલામાં બારણે બાંધેલી ગાય આગના ભયથી ખૂંટો તોડીને ભાગી. એ ગરબડનો લાભ લઈ ત્રણે બહેનપણીઓ વાડાની બહાર નીકળીને નાસી છૂટી. એમની 'બચાવો... બચાવો...ની બૂમો સાંભળીને એક મિલિટરી વાન થોભી.

લશ્કરી જવાનોએ તેમને મોટરમાં લીધી. આખરે તેમનો છૂટકારો થયો.

'તમને ક્યાં મૂકીએ ?'

'લાહોર સ્ટેશન પર. ત્યાંથી અમે ક્યાંય પણ જતાં રહીશું.' ગીતા બોલી.

'ત્યાં અત્યારે જોખમ છે અને કાલ બપોર સુધી કોઈ ગાડી નથી. તમે ગભરાશો નહિ. કોન્ટેન્ટમેન્ટમાં એક રાત રહો. કાલે ફિરોજપુરની ગાડીમાં તમે જઈ શકશો.'

વાન કોન્ટેન્ટમેન્ટમાં ગઈ. ગીતા, વીણા અને આશા નીચે ઊતર્યાં. ત્રણે લશ્કરી જવાનોના પગે પડ્યાં. એમના આનંદાશ્રુથી એના પગ ભીંજાઈ ગયા.

'ભાઈસાહેબ, તમે અમને બચાવ્યાં. ભગવાને જ તમને મોકલ્યાં.'

'ભાઈસાહેબ, શું નામ તમારું ! ગીતાએ પૂછ્યું.

'કેપ્ટન અનંત સાઠે. મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી' જવાબ મળ્યો.

000

કૉંગ્રેસી નેતાઓએ દેશનું વિભાજન સ્વીકાર્યું. બૅરિસ્ટર ઝીણાએ વાઈસરોય લોર્ડ માઉન્ટબેટનની વિભાજન યોજના માન્ય કરી. આ સમાચાર સંઘના સરસંઘચાલક શ્રી ગોળવલકરે (શ્રી ગુરુજીએ) આકાશવાણી પર સાંભળ્યા ત્યારે તેમને આઘાત લાગ્યો. ક્ષણભર તેમણે આંખો મીંચી દીધી.

'દુર્દૈવ ! બીજું શું ?!' એ હતાશાથી બોલ્યા. તે વખતે ત્યાં કેટલાક પ્રચારકો હાજર હતા.

'આપણા નેતાઓએ છ મહિના ધીરજ ધરી હોત તો વિભાજન નિવારી શકાયું હોત.'

'એટલે...? ગુરુજીના મુખેથી વિશેષ કાંઈ જાણવા મળે એ હેતુથી એકે પૂછ્યું.

**વધુ આવતા અકે**



# સંગીત ક્ષેત્રે એક અલગ ઓળખ ધરાવતું વ્યક્તિત્વ એટલે વૈભવી શાહ ત્રિવેદી

**વૈભવીના ઘડતરમાં તેમની માતા વિલાસ બહેનનો સિંહફાળો એ માત્ર માતા નહી એક સખી તરીકે રહેતા અને પુત્રીઓને સમજાતા**



**દિકરીઓ માટે મોજ, શોખ, સંસ્કાર, આવડત, મહેનતી, સાહસી, નિડરનું એક માત્ર ઉદાહરણ - વૈભવી શાહ ત્રિવેદી**



આમ તો વ્યક્તિના અલગ અલગ શોખ હોય, કામ હોય અને સામાન્ય રીતે પ્રત્યેક બાળક એ નાનપણથી જ એક અલગ ખુબી ધરાવતું હોય છે. તેને માત્ર ઓળખવાની જરુર હોય છે.

પ્રત્યેક વ્યક્તિમાં એક ખુબી હોય છે

વાત કરીએ તો વડોદરાના એક સામાન્ય પરીવારમાં જન્મેલી દિકરી વૈભવી, પિતા વૈભવી, પિતા બેંકમાં કેશીયર, માતા ઘરેથી કપડાઓનો વ્યવસાય કરી પતિને ઘર ચલાવવામાં મદદરુપ થાય અને આ પરીવારમાં માતાની કુખે 4 દિકરીઓ એમાંય વૈભવી 3 નંબર સામાન્ય પરીવારમાં જન્મ થયેલ સાથે માતા - પિતાની અત્યંત જવાબદારીઓ પૈકી વૈભવીએ બીજી બહેનો કરતાં થોડી ચપડાક અને ચાલાક અને હોંશિયાર પણ એટલી જ, નાની હતી ત્યારથી જ કાંઇને કાંઇ એકટીવીટી કર્યા કરે આમ તો કહેવાય છે કે,

દિકરીના લક્ષણ પારણામાં અને વહુના લક્ષણ બારણામાં

વૈભવી દેખાવે થોડી શ્યામ પણ વિચારો વાણી મધુર અને તેની વાતોમાં મૌલીકતા હંમેશા દેખાય સાથે સાથે નાનપણથી મોંઢામાં સંગીત સાથે ઝુમ્યા કરે. કાંઇ ગાયન કરે સાથે નૃત્યુ કરે આ પ્રકારે હંમેશ તે કોઇ સારું સંગીત વાગતું હોત ત્યારે તે ધ્યાનથી સાંભળવા બેસી જાય તેવા સંજોગોમાં ચાર બહેનો હોવાને સાથે તે માતા - પિતા જેને ચાર - ચાર દિકરીઓ હોય તેને બીજો વિચાર પણ શું આવે. વૈભવી મોટી થાય છે. તેમ તેની ઈચ્છાઓને કારણે માતા - પિતા ભણાવવાની સાથે સાથે તેને ડાન્સ કલાસમાં મુકે છે. તે વખતે તેની ઉંમર માત્ર 12 વર્ષની હતી અને તે સમય દરમિયાન તે ડાન્સમાં પણ ખીલી ઉઠતી. જાણે તેને અભ્યાસની સાથે સાથે આ પ્રકારની પ્રવૃત્તિમાં ખુબજ રસ અને સાથે તે ચાર વર્ષ સુધી તે ડાન્સનો અભ્યાસ કરે છે. અને ત્યારબાદ તે ધોરણ 10ની પરીક્ષા આપવાની હોય છે. અને તે સમય દરમિયાન તેનો ડાન્સ સંગીતથી એ દુર થાય છે.



ધો. 10ના વેકેશન દરમિયાન વૈભવીના સૌથી મોટા બહેન દિદી કોઇક જગ્યાએ કોસ્મેટીક્સ કંપનીમાં જોબ કરતા હતા

તે સમય દરમિયાન વૈભવીને ઘરે બેસી રહેવું કે બીજા બાળકોની જેમ વેકેશન માણવું પસંદ ન નકરતા દિદી સાથે નોકરી માત્ર 2 મહિનાના વેકેશન દરમિયાન કરી.

વૈભવીએ જીવનની પહેલી કમાઇ માત્ર 14 વર્ષની ઉંમરથી કરવાની શરુઆત કરી.

ત્યારબાદ 10 માંનું પરિણામ 72 ટકા થી પાસ થતા મિત્ર વર્તુળ વિજ્ઞાનપ્રવાહ (સાયન્સ) લેવાનું પસંદ કરતાં વૈભવીએ પણ એજ માર્ગ પસંદ કર્યો.

મિત્રોની વાહે (પાછળ) સાયન્સ લીધું તો ખરું પરંતુ તેનું ચિત્ત એક કલામાં છુપાયેલું છતાં તેણે ભણતરમાં પુરતું ધ્યાન આપી 2002ની બોર્ડની પરીક્ષામાં ધ્યાન આપી તે પાસ થઈ.

ત્યારબાદ વૈભવીએ B.Sc. in Geography ની પસંદગી કરી આગળ વધવા વિચાર કર્યો.

પરંતુ વૈભવીને પણ નહતી ખબર કે અહીંથી એની જિંદગીનો એક મોટો વળાંક (ટર્નીંગ પોઇન્ટ) થવા જઇ રહ્યો છે.

બી.એસ.સી.માં પિકનિક (પર્યટન) દરમિયાન મિત્રો સાથે અંતાક્ષરી રમતા રમતા ઘણા મિત્રોને વૈભવીનો અવાજ ખુબ જ ગમતો અને તેઓએ વૈભવીને પ્રોત્સાહન આપ્યું, તું સાયન્સ છોડ અને સંગીતને પસંદ કર.

બસ એ સમય અને એ વાત વૈભવીના દિલો દિમાગ પર છવાઇ ગઇ, પરંતુ વૈભવી ઘરે કોઇને આ વાત કદિ નહોતી શકતી, તેથી જે ચાલતું હતું એ ચલાવી દિધું.

પરંતુ કુદરતને કંઇ બીજું જ મંજૂર હતું, સમય એવો આવ્યો કે બી.એસ.સી.ના બીજા વર્ષ દરમિયાન વૈભવી 2 વિષયમાં નાપાસ થઇ. જેથી તેણીનીએ ઘરે બેઠા પરીક્ષા આપવાની હતી.

પરંતુ આતો એખ એવો જીવડો છે જેણે ઘરે બેસી રહેવું પસંદ નહોતું.

ઘરે બેઠા બી.એસસી. ની તૈયારી કરતાં કરતાં તેણીની એ ધોરણ 1 થી 10ના બધાં વિષય તથા 11 અને 12 વિજ્ઞાનપ્રવાહના (Theoratical Subject) ના ટયુશન કલાસીસ શરુ કર્યા.

એક સમય એવો આવ્યો ટયુશનના 2 વર્ષ વીતીગયા પરંતુ વૈભવી બી.એસસી.ની પરીક્ષા આપતા નાસીપાસ થઇ

આ વાતનું માતા - પિતાએ ધ્યાન દોર્યું. અને પિતાએ વૈભવીને પૂછ્યું કે તારે કોઇ બીજો કોર્સ કરવો છે બેટા?

આ પ્રશ્નની વૈભવી આતુરતાથી રાહ જોઇ રહી હતી.

વૈભવીએ પિતાને જવાબ આપ્યો કે પપ્પા કોલેજમાં સૌ મારા અવાજના વખાણ કરે છે કે તું સારું ગાય છે તો હું સંગીતનો કોર્સ કરું ?

પિતાએ તુરંત સામે બીજો સવાલ પૂછ્યો બીજા બધા શું વિચારે છે એ નહિં.બેટા પરંતુ તને શું લાગે છે ? કે શું તું સંગીતમાં આગળ વધી શકીશે.?

વૈભવીએ તુરંત પપ્પાને જવાબ આપ્યાં કે હાં પપ્પા મને સંગીત પહેલેથી જ પસંદ છે અને મને વિશ્વાસ છે કે હું એમાં મારું નામ જરુર બનાવીશ.

એ માત્ર વૈભવીનો જવાબ નહિં પરંતુ તેણીનો આત્મવિશ્વાસ, શોખ, પ્રેમ, પસંદ, સપનું બધું જ હતું.

માતા - પિતાની પરવાનગીથી વૈભવીએ ડીપ્લોમાં ઈન મ્યુઝિક કોલેજ એમ.એસ. યુનિવર્સિટીમાં શરુ કર્યું.

ડીપ્લોના ત્રીજા વર્ષ દરમિયાન વૈભવીને એક પ્રોગ્રામ (ટીકીટ શો)માં ગવાનો મોકો આપવામાં આવ્યો પરંતુ એ સમય દરમિયાન એણીની ની મસ્તી કરતાં બીજા કલાકારે વૈભવીને પ્રસ્તાવ મૂક્યો કે, આપ મને 500 રુપિયા આપશો તો તમને સોન્ગ ગાવા દઈશું

વૈભવીએ તે સમય દરમિયાન એ કલાકારને ખુબ સુંદર જવાબ (વળતો જવાબ) આપ્યો કે, હું મારા અવાજને વેચવા નથી આવી, પૈસા આપીને અવાજ સંભળાવે હું એવી કલાકાર નથી, મારે પરફોર્મ નથી કરવું.

એક દિવસ એવો આવશે કે તું મારા સંગીત માટે મને બુક કરીશ અને મને તેનું મહેનતાણું આપીશ.

વૈભવીએ પણ પુરવાર કર્યું, વૈભવીને એ કલાકારે સોન્ગ પણ આપ્યું અને કેટલાક શો પણ આપ્યા તથા તેનું મહેનતાણું પણ ચુકવ્યું.

સમય એવો આવ્યો કે વૈભવીને ઘણાં પ્રોગ્રામ આવવા લાગ્યા તે ગાળામાં વડોદરામાં Idea Rock Star નામની સંગીત સ્પર્ધા આવી, જેમાં વૈભવીને (Obtinal) એટલે કે 5000માંથી જે 100 અને 100માંથી 10 લેવાય એમાં પણ વૈભવીને 11 નંબરમાં વિકલ્પ તરીકે લેવામાં આવી.

વૈભવીએ આ દરમિયાન પણ આત્મવિશ્વાસ રાખતા (વિકલ્પ)ને (માત્ર આ જ) માં ફેરવી નાખ્યું.

આ સમય દરમિયાન વૈભવીના માતા - પિતા તથા પરિવારને ઘણું માન સન્માન આપવામાં આવ્યું.

તેનો આત્મવિશ્વાસ બમણો થતો ગયો, કામ વધતા ગયાં, સમય વિતતો ગયો.

એક સમય એવો પણ આવ્યો કે વૈભવીની અંગત જિંદગીમાં કેટલાક ઉતાર ચઢાવ આવ્ય.ા, એ સમય છે લગ્નનો અને દરેકના જીવનનો અતિ મહત્વપૂર્ણ હોય છે. તેણી એક સામાન્ય પરિવારમાંથી આવતી હોવાથી પોતાની સારુ ભવિષ્ય બને એટલા માટે તેવો વિચાર કરીને પોતાની સાથે સિંગર તરીકે કામ કરતા વ્યક્તિ સાથે પોતાની પસંદગીના લગ્ન કરવાનું નક્કી કર્યું, પરંતુ લગ્ન બાદ પતિ અને તેના પરિવાર વૈભવીને સમજવા કરતાં વારંવાર હેરાન કરતા અને ઉંમર માત્ર 22 વર્ષ હતી.

પ્રેમ લગ્ન કર્યા હોવાથી માવતરનો સપોર્ટ ન હતો માટે વૈભવીએ જીવન ટુંકાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ કહેવાય છે કે જેનું કોઇ નથી તેનો ભગવાન છે.

આ વાતની માતા - પિતાને જાણ થતાં જ પરિવારજનોએ વૈભવીને મળીને સમજાવી અને જીવનમાં આગળ વધવા પ્રેરણા આપી.

## વૈભવીની સંઘર્ષથી સફળતાની યાત્રા

• પિતા જગદીશભાઇ તથા માતા વિલાસબેનના કારણે જ સંગીત તેમજ ગાયનમાં સિધ્ધિ મેળવી. • શરુઆતના તબક્કામાં વગર રુપિયે કામ કરવાના અને રુપિયા આપવાનું કહી આપતાં નહિં. • વર્ષના સહુથી વધારે કામ સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ અને કચ્છમાં. • સૌરાષ્ટ્ર માટે ગરબા ક્વીન તરીકે ઓળખ. • વ્યક્તિગત જીવનમાં વારંવાર ઉતાર - ચઢાવ હોવા છતાં એક ઉભરતું વ્યક્તિત્વ. • નાનપણથી જ સંઘર્ષ કરી સિધ્ધિ મેળવી. • 2004 થી સંગતની શરુઆત મ્યુઝીક કોલેજ ઈન ડીપ્લોમાં • 2006 થી સંગીતમાં નવરાત્રી તેમજ સંગીત સંધ્યાના પ્રોગ્રામની શરુઆત. • 2007માં નવસારીમાં ભવ્ય નવરાત્રીના કાર્યક્રમમાં મુખ્ય સિંગર તરીકે કામ. • 2008માં મોરબીના ગરબામાં કામ અને સાથે એક અલગ ઓળખ કારવી. 2009થી 2016 સુધી સુરભી ક્લબમાં ગરબા એક ધાર્યા આઠ વર્ષ • રાજકોટ શહેરમાં વૈભવીના ગરબાની રમઝટથી પાસ માટે પડાપડી.

## 4 વર્ષની ઉંમરથી જ સંગીતમાં લગન

• શરુઆતમાં કામના માત્ર રુા. 500 જ મળતાં. • વર્તમાનમાં 50,000 સુધીનો ચાર્જ • વિશેષતા ગાયનમાં (બોલીવુડ લાઈવ, ગરબા, દાંડિયા, સોંગ, ગઝલ, ફોક મ્યુઝિક)

## સંગીતના વિશેષ કાર્યક્રમોની ઝલક

• 217 તથા 2018માં મોરબીમાં પાટીદાર નવરાત્રીના વિશેષ આયોજનમાં મુખ્ય ગાયીકા સાથે કામ કર્યું.

• 2019-2020 કોરોનામાં ખુબજ નબળી પરિસ્થિતિમાં પણ ઘરે રહીવેસ્ટમાંથી બેસ્ટના પ્રયોગો ઘડી કાચનીબોટલો ઘરમાં સજાવટની વસ્તુઓ બનાવી આવક ઉભી કરી.

• 2021 તથા 2022માં રાજકોટ સ્થિત નવરાત્રીમાં મુખ્ય ગાયીકા તરીકે કામ કર્યું.

• યુવાન અવસ્થામાં અફઘાનિસ્તાનમાં જઇ કામ કર્યું.

• સાઉથ આફ્રિકા, તેમજ અમેરીકા,કેનેડા જેવા વિશ્વના દેશોમાં ઘણીવાર કામ કર્યું.

• સુનિધિ ચૌહાણ આઇડીયા રોકસ્ટાર ઈન બરોડા

• (કોન્ટેસ્ટમાં 5000 લોકોએ ભાગ લીધો હતો તે પછથી ભાગ-1 વૈભવી શાહનું સિલેકશન) • રુા. 50,000 પબ્લિક વચ્ચે અકોટા સ્ટેડિયમમાં ભવ્ય શોમાં કામ કર્યું.

• સુનિધિ ચૌહાણ, નેહા કક્કર, કીર્તીદાન ગઢવી, સલમાન અલી, ખુદા બક્સ, ગીતાબેન રબારી તેમજ અનેક લોકો સાથે કામ કર્યું.

તરીકે આગળ વધવાનો નિર્ણય લઈ સ્વતંત્ર રીતે રહી પોતાના કેરિયર ઉપર ફોક્સ કર્યું હતું.

આવા કપરા સમયમાંથી નિકળવા માટે વૈભવીએ પોતાનું Band એટલે કે Rocking Vebs by Vaibhavi Shah અને તે પણ (Jagvilas - Vilas Presents હસ્તક એટલે કે (Jagdish- Vilas) જે તેણીને માતા - પિતાનું નામ છે.

માતા - પિતાના આશીર્વાદથી તેણીએ પાછળ વળીને ક્યારેય જોયું નહીં.

વૈભવીની માતા એટલે કે વિલાસબહેન હંમેશા નવરાત્રી દરમિયાન વૈભવીની સાથે ને સાથે જ રહેતા, તેના સંગીતને સાંભળતા, તેની ભૂલો સુધારતા, તેવા ડ્રેસીંગમાં તેણે સમજાવતા અને સલાહ આપતા.

**વૈભવીના ઘડતરમાં વિલાસ બહેનનો સિંહફાળો**

એ માત્ર માતા નહી એક સખી તરીકે રહેતા અને પુત્રીઓને સમજાતા.

2009થી 2016 સુધી માત્ર એકજ રંગમંચ ઉપર વૈભવીએ પોતાના અવાજ તથા સ્વભાવથી લોકોના દિલ જીતી લીધા અને સૌરાષ્ટ્રમાં લાંબો સમય કામ કરવાથી કાઠિયાવાડ- સૌરાષ્ટ્ર ખાતે જ નહીં, સમગ્ર ગુજરાતમાંથી પણ વૈભવીને લગ્નના માંગા આવવા લાગ્યા, પરંતુ વૈભવીને માત્ર સંગીતમાં જ રુચી હોવાથી તેણીએ એ દિશામાં 2012 સુધી કોઇ વિચાર કર્યો જ નહિં.

2013 દરમિયાન વૈભવીની નાની બહેને જીદ કરી કે જ્યાં સુધી વૈભવીના લગ્ન કે સગપણ નહિં થાય ત્યાં સુધી હું પણ નહિં કરું

**આ છે બહેનોનો પ્રેમ**

ઘરમાં ચાર બહેનો અને મમ્મી સ્ત્રી તરીકે 5 પાત્રો હોવાથી વૈભવીને કે તેણી બહેનોને ક્યારેય બેસ્ટ ફ્રેન્ડની જરુર નથી પડી.




નાની બહેનના લગ્નના દિવસે વૈભવીને સગાઇ કરવામાં આવી.

વૈભવીએ લગ્ન માટે કેટલાક પાત્રો જોયા જેમાં તેણીનો માત્ર એકજ સવાલ હોય કે શું હું લગ્ન બાદ સંગીતમાં આગળ વધી શકું છું ?

સારા પરિવાર, સારું કમાતા હોવાથી કેટલાક પાત્રોએ વૈભવીને એમ જવાબ આફ્યો કે તારેક કમાવવાની કે કામ કરવાની ક્યાં જરુર છે ? એ છે ને, તું માત્ર ઘર, બાળક અને પરિવારને સંભાળજે, જે વૈભવીને સ્વીકાર્ય નહોતું, કારણ જે સંગીતની આરાધના - સાધના કરવા તેણીએ તથા તેના પરિવારે સમાજનો સામનો કર્યો તેણે તે કોઇ પાત્ર જે પરિવારે કે પાત્ર એ વૈભવીનું સંગીત ના સ્વીકાર્યું, વૈભવીએ એ પાત્ર અને પરિવારને ના સ્વીકાર્યા

અને સમય આવ્યો 15-2-2013ના રોજ વૈભવી પાદરાના રહીશ બ્રાહ્મણ પરિવાર (પરિવારજનોની સહમતીથી) લગ્ન કરવાનું નક્કી કર્યું.

વૈભવી બાળપમણથી જ શહેરી વિસ્તારમાં ઉછરી હોવા છતાં પણ પાદરા જેવા નાના ટાઉનમાં લગ્ન કરીને આવી, ત્યાં સુધી તેના જીવનમાં ઘણા ઉતાર ચઢાવ આવી ગયા હતા.

સંગીતની દુનિયામાં ખુબજ સંઘર્ષો કર્યા પછી અને સંગીતની દુનિયામાં મોટું નામ ધરાવતા લોકોના આર્થિક પોષણ ના ભોગ વચ્ચે ટકીને રહેલ વૈભવી ના જીવનમાં ચાર - ચાંદ લાગવાના હશે.

**2014માં વૈભવીએ સુંદર બાળ સ્વરુપે એક પુત્રને જન્મ આપ્યો 'દિયાન'**

જેના આગમન માત્રથી આખો પરિવાર ખુશ હતો અને વૈભવી એ હંમેશા દિયાનને પણ લક્ષ્મી સ્વરુપ સમજ્યો.

પુત્રના જન્મ બાદ વૈભવીની કારકીર્દીમાં પ્રગતિ તો આવી પરંતુ સાચું માવતર હોવાથી વૈભવી એ 2 વર્ષ દરમિયાન માત્ર પુત્રની માવજત પાછળ ફાળવ્.યાં જેનું પરિણામ સ્વરુપ વૈભવીને કારકીર્દિની પ્રગતિ મળી.

અત્યારે વૈભવી એ મુકામ પર પહોંચી છે કે તે પાછલ વળી ને જોવા નથી માંગતી કે જીવનમાં તેની સાથે શું થયું..

કોણે તેણે શું કહ્યું..

એ માત્ર કર્મ બંધનમાં માનનાર વ્યક્તિ છે.

પોતે જૈન પરિવારમાં જન્મ લીધા હોવાની સાથે બ્રાહ્મણ પરિવારમાં લગ્ન કરીને આવવું અને સાથે સાસરીમાં સામાજીક, ધાર્મિક સાંપ્રદાયની બાબતોમાં ઓત-પ્રોત થઇ વૈભવી બધાંની લાડકી છે.

ધર્મ કોઇ પણ હોય પરંતુ તે કર્મમાં માનનાર છે.

ઉતાર - ચઢાવના પણ અલગ અલગ પહેલું હોય છે. તે પૈકી વિશ્વમાં જયારે હાહાકાર મચી ગયો, તે સમય દરમિયાન લોકો જીવન-મરણની વચ્ચે ઝોલા ખાઇ રહ્યાં હતા. ત્યારે (કોરોના કાળ દરમિયાન કલાકારોની આર્થિક સ્થિતિ ખુબજ નબળી થઇ ગઇ હતી, આવકના રસ્તા બંધ થઈગયા તે દરમિયાન ઘરે બેસીને આ એક સુપ્રસિધ્ધ ગાયીકાએ ઘર સજાવટની વસ્તુઓ, કાચની બોટલ, દિવડાઓ (ડેકોરેટીવ), હેન્ગીંગ આઇટમ્સ જેવી અનેક કળાને વસ્તુઓ ઉપર ઉતારી વેસ્ટમાંથી બેસ્ટ બનાવી તે સમય દરમિયાન પણ આવક ઉભી કરી.



વૈભવીએ સૌરાષ્ટ્રમાં આજના યુગની દિવાળીબેન ભીલ તરીકે ઓળખ મળી જે ઘણું મોટું બિરુદ છે.

2006માં વુડા (સંદેશ)ના ગરબા વડોદરા ખાતે

2007માં નવસારી (દિગસ ગામ) ખાતે

2008માં ઉમિયા નવરાત્રી મોરબી ખાતે.

2009 થી 2016 સુધી સુરભી રાજકોટ ખાતે.

2017માં અમેરિકાના અલગ અલગ શહેરો ખાતે.

2018માં મોરબી ખાતે

2019માં મોરબી ખાતે

2020 તથા 2021માં કોરોનાને કારણે

2022માં આ વખતે સુરભી ખાતે રાજકોટમાં નવરાત્રીની રમઝટ માણશે.

વૈભવી નવરાત્રીને માત્ર એક ત્યૌહાર કે વ્યવસાય તરીકે નહિં પરંતુ આધ્યાત્મિકતાનો પર્વ સમજતી હોવાથી

9 દિવસ સાંજે 7 વાગ્યા સુધી મૌન ધારણ કરતી, એક ટાણું કરતી, 7 વાગે આરતી કરી, ધ્યાન ધરી ત્યારબાદ રંગ મંચ ઉપર કળા દર્શાવતી.

દિકરીઓ માટે

મોજ, શોખ, સંસ્કાર, આવડત, મહેનતી, સાહસી, નિડરનું એક માત્ર ઉદાહરણ - વૈભવી શાહ ત્રિવેદી

# પાદરા તાલુકાના ગામેઠા ગામે હનુમાનજી મંદિરે શ્રાવણના છેલ્લા શનિવારે મેળો ચાલુ હોય ભક્તોએ લાભ લેવો

પાદરા તાલુકાના ગામેઠા ગામે આવેલ પ્રાચીન છેલ્લા શનિવાર 27/8/22 ના રોજ દર વર્ષો ની ચમત્કારિક બાળ હનુમાનજી મંદિરે શ્રાવણ મહિનાના પરંપરા પ્રમાણે મેળો ચાલુ છે જેની સર્વે ભક્તો ને દર્શન પૂજન નો લાભ લેવા મંદિર ટ્રસ્ટ અને ગામના સરપંચે જણાવ્યું છે

ભારતીય કિસાન સંઘ-પાદરા તાલુકો
ઉદ્યોગપ્રધાન દેશને ફરી પાછો ખેતીપ્રધાન દેશ બનાવો
ન્યાય અપાવો
જુઓ ગામડાના ખેડૂતોની દુર્દશા
ન્યાય અપાવો
ભાજપ સરકાર મોટી મોટી વાતો કરે છે પણ જરા ગામડાની પરિસ્થિતિનું ભાન છે ખરૂ. તો હવે સમય પાકી ગયો છે અને ચૂંટણીના ફક્ત ૬૦ દિવસ બાકી ત્યારે ગામડાના ખેડૂતો આક્રમક બનશે.
વડોદરા જીલ્લાના પાદરા તાલુકાનું આ દૂધવાડા ગામ



પાદરા તાલુકાના દૂધવાડા ગામના ખેડૂતોના મહામુલા કપાસ, તુવેર, દિવેલા તથા શાકભાજી જેવા પાકો તૈયાર થાય ત્યારે કેમિકલ કંપનીઓના ઝેરી ગેસથી પાક ખલાસ થઇ જાય છે અને અંતે ખેડૂત પણ માથે હાથ દઇને રોવે છે. પાયમાલ થઇ જાય છે.

વૈશાલી ટ્રાવેલ્સ
પ્રવાસ નં.1- સારંગપુર-વિરપુર-ગોંડલ-ચોટીલા-ખોડલધામ દિવસ-2
પ્રવાસ નં.2- શનિદેવ - શિંગણાપુર- સાથે શિરડી-નાશીક-ત્ર્યંબકેશ્વર દિવસ-2
પ્રવાસ નં.3 - મહુડી-અંબાજી-ખેડબ્રહ્મા દિવસ -1
પ્રવાસ નં.4 - દર પૂનમે -અંબાજી - ડાકોર દિવસ -1
પ્રવાસ નં.5 - દ્વારકા-બેટ દ્વારકા- સોમનાથ દિવસ -2
રાજુ ખમણની સામે રાજમહેલ રોડ વડોદરા
ફોન : 2424905/2429022
email:vaishalitours9982@gmail.com, web:www.vaishalitravels.co.in
•સ્વતંત્ર ટુર પેકેજ •હનીમુન પેકેજ •કાર હાયર •કોર્પોરેટ ઈવેન્ટ ઓર્ગેનાઈઝર •ફેમેલી ટુર પેકેજ •કંપની બસ કોન્ટ્રાક્ટ

Viral Sir
Mo.9099603980
Nand Classes
A key To Unlock The Door of Your Golden Future
ગુજરાતી માધ્યમ-ધો.૧ થી ૧૦ (બધાજ વિષયો)
ધો.૧૧ અને ૧૨ કોમર્સ (મુખ્ય વિષયો)
એ/૮ મોરારબાગ સોસાયટી,
વાત્સલ્ય હોસ્પીટલ ની બાજુમાં, પાદરા.

પાવન હોસ્પિટલ
ISO 14001: 2015, NABH ACCREDITED
A Unit of Paavan Healthcare Hospital Pvt. Ltd.
ડો. જયદેવસિંહ એન. ચુડાસમા
એમ.એસ. (જનરલ સર્જન),એફ.આઇ.એ.જી.ઇ.એસ
એક્સ સુપરીટેન્ડટ અને જનરલ સર્જન
(વર્ગ-1) ગુજ.ગવ રેફરલ હોસ્પિટલ પાદરા, વડોદરા
ડો. રીટા ચુડાસમા (એમ.ડી. પેડ.)
એક્સ. ફૂલટાઇમ પીડીયાટ્રીશીયન (વર્ગ-1)
રેફરલ હોસ્પિટલ પાદરા, વડોદરા
વડોદરા
શુભ લક્ષ્મી કોમ્પલેક્ષ, બી.એમ.સી. ચેમ્બર્સની બાજુમાં
વિદ્યા વિહાર સ્કૂલ સામે, સુભાનપુરા ગોરવા રોડ,સુભાનપુરા
વડોદરા 339002
સમય સવારે 10-12 સાંજે 6-8
ફોન : 0265 - 2292156, 2290414 મો.9427435484
પાદરા
ગ્રાઉન્ડ ફલોર - 2 વ્હાઇટ પર્લ કોમ્પલેક્ષ, ઈન્ડીયન ઓઇલ પેટ્રોલ પંપની પાછળ, પાદરા, વડોદરા
દરેક કંપનીની કેશલેસ સારવાર ઉપલબ્ધ
સમય : બપોરે 2.30થી 3.30 (સોમ, બુધ, શુક્ર)

Printed, Published and owned by CHAVDA GOPALBHAI BHAGVANDAS and Printed at Vasant Graphics, Shop No.35/36/37, Golden Plaza, Opp. Big Bazar, Kankaria Road, Raipur, AHMEDABAD - 380 022 and Published from Niraj Plaza, Shop No.12, Zanda, Bazar, PADRA - 391 440. Editor - CHAVDA GOPALBHAI BHAGVANDAS